65

# પ્રાચીન ભારતીય શિક્ષણ પ્રણાલી (ગુરુકુળ, તક્ષશિલા, નાલંદા) અને આધુનિકીકરણ

**Dr. Rajesh N. Dabhi**
Assistant Professor
Shri Kishandas Kikani Arts and Commerce College
Dhandhuka, Gujarat

**શોધપત્ર સારાંશ :**

ભારતના ઇતિહાસમાં શિક્ષણને માત્ર પુસ્તકજ્ઞાન અથવા માહિતી પ્રાપ્તિનું સાધન માનવામાં આવ્યું નથી, પરંતુ તેને માનવ જીવનના સર્વાંગી વિકાસનું આધારસ્તંભ ગણવામાં આવ્યું છે. ભારતીય જ્ઞાનપરંપરાએ શિક્ષણને બ્રહ્માંડ અને માનવ વચ્ચેના સેતુ રૂપે વ્યાખ્યાયિત કર્યું છે. ભારતની પ્રાચીન શિક્ષણ પરંપરા મૂલ્યોમાં ઊંડે પ્રસ્થાપિત હતી. અહીં શિક્ષણનો ઉદ્દેશ માત્ર વ્યવસાયપ્રાપ્તિ સુધી સીમિત નહોતો, પરંતુ વ્યક્તિમાં કરુણા, સહનશીલતા, સમાજપ્રેમ, સહકારભાવ, વિચારશક્તિ અને સમતોલ વ્યક્તિત્વનું નિર્માણ કરવાનું હતું. ગુરુકુળમાં શિક્ષણનો આધાર અનુભવ, અવલોકન અને વ્યવહાર પર હતો. વિદ્યાર્થીને કુદરત, સહજ જીવનશૈલી અને સામાજિક જવાબદારીઓ સાથે જોડવામાં આવતો. અહીં ભાષા, વ્યાકરણ, વેદ, શાસ્ત્રો, ચિકિત્સા, ગણિત, શસ્ત્રકલા, સંગીત, ધ્યાન, યોગ, યજ્ઞવિધિ, કૃષિ વગેરે જેવા વિષયો ભણાવવામાં આવતા. જ્ઞાનને સર્વગ્રાહી અર્થમાં સમજવામાં આવતું. આધુનિક યુગમાં ઔદ્યોગિકક્રાંતિ, વૈજ્ઞાનિક શોધો, વૈશ્વિકીકરણ અને ટેક્નોલોજીના પ્રભાવને કારણે શિક્ષણનું સ્વરૂપ સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. ઑનલાઇન શિક્ષણ, ડિજિટલ લર્નિંગ, કૃત્રિમ બુદ્ધિ (AI), બહુવિધ શૈક્ષણિક વિકલ્પો, વૈશ્વિક પ્રતિસ્પર્ધા વગેરેને કારણે વિદ્યાર્થીનું જીવન અભ્યાસ સાથે મજબૂત રીતે જોડાયુ છે. ભારતના પ્રાચીન શિક્ષણ પરંપરાને સમજવા માટે અનેક સંશોધકો, ઇતિહાસકારો, તત્ત્વચિંતકો અને શિક્ષણવિદોએ વિવિધ દૃષ્ટિકોણોથી નોંધપાત્ર અભ્યાસ કર્યો છે. પ્રાચીન ભારતનો ગુરુકુલથી નાલંદા સુધીનો શિક્ષણ પ્રવાસ પાસે એવી જરૂરિયાત મુજબની લચીલીતા, આધ્યાત્મિકતા, મનુષ્ય કેન્દ્રી અભિગમ અને ચરિત્ર નિર્માણ હતું, પ્રાચીન ભારતીય પરંપરાની અનેક બાબતો આજે પણ શિક્ષણના મૂલ્ય આધારિત માળખામાં અત્યંત જરૂરી બની રહે છે. આમ, નૈતિકતા અને જીવનદક્ષતાનો સંવાદ જાળવીને ટેક્નોલોજીની સહાયથી શિક્ષણને વધુ ઊંડાણભર્યું, સર્વસમાવેશક અને સંશોધનમુખી બનાવવા જરૂરી છે. આ માર્ગે ચાલવાથી ભારતીય શિક્ષણ પદ્ધતિ ફરીથી વિશ્વને દિશા બતાવવાની ક્ષમતા ધરાવશે. એક સર્વાંગી, સંતુલિત શિક્ષણ પદ્ધતિ જ સમાજને સુખી, પ્રગતિશીલ અને માનવતાદર્શી બનાવી શકે છે.

**ચાવીરૂપ શબ્દો :** લોકકલ્યાણ, ગુરુકુળ, અનુશાસન, ભાષા, વ્યાકરણ, વેદ, શાસ્ત્રો, ચિકિત્સા, ગણિત, શસ્ત્રકલા, સંગીત, ધ્યાન, યોગ, યજ્ઞવિધિ, કૃષિ, સ્વાવલંબન

---

**પ્રસ્તાવના:**

ભારતના ઇતિહાસમાં શિક્ષણને માત્ર પુસ્તકજ્ઞાન અથવા માહિતી પ્રાપ્તિનું સાધન માનવામાં આવ્યું નથી, પરંતુ તેને માનવ જીવનના સર્વાંગી વિકાસનું આધારસ્તંભ ગણવામાં આવ્યું છે. ભારતીય

જ્ઞાનપરંપરાએ શિક્ષણને બ્રહ્માંડ અને માનવ વચ્ચેના સેતુ રૂપે વ્યાખ્યાયિત કર્યું છે. "विद्या ददाति विनयम्" એવું માનવામાં આવ્યું કે સાચા શિક્ષણથી વિનય આવે છે, વિનયથી પાત્રતા વિકસે છે અને પાત્રતા દ્વારા જીવનમાં સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. એટલે કે ભારતમાં શિક્ષણને ચારિત્ર્ય, નૈતિકતા, સેવા, આત્મસંયમ, અને આધ્યાત્મિક ઉન્નતિ સાથે જોડવામાં આવ્યું છે. આ પ્રણાલીમાં જ્ઞાન એ લોકકલ્યાણ અને વ્યક્તિગત જવાબદારીનું સાધન હતું.

ભારતની પ્રાચીન શિક્ષણ પરંપરા મૂલ્યોમાં ઊંડે પ્રસ્થાપિત હતી. અહીં શિક્ષણનો ઉદ્દેશ માત્ર વ્યવસાયપ્રાપ્તિ સુધી સીમિત નહોતો, પરંતુ વ્યક્તિમાં કરુણા, સહનશીલતા, સમાજપ્રેમ, સહકારભાવ, વિચારશક્તિ અને સમતોલ વ્યક્તિત્વનું નિર્માણ કરવાનું હતું. ગુરુકુળ પ્રણાલી એ આ મૂલ્યોની સ્થાપનામાં અગત્યની ભૂમિકા ભજવતી હતી. શિષ્ય ગુરુના આશ્રમમાં રહેનાર, અનુશાસન અને સેવા દ્વારા શિક્ષણ ગ્રહણ કરતો. ગુરુ-શિષ્ય સંબંધ માત્ર શૈક્ષણિક નહીં પરંતુ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક બંધનમાં ગોઠવાયેલો હતો. ગુરુને જ્ઞાનના દાતા, માર્ગદર્શક અને સંસ્કારક તરીકે માનવામાં આવતા.

ગુરુકુળમાં શિક્ષણનો આધાર અનુભવ, અવલોકન અને વ્યવહાર પર હતો. વિદ્યાર્થીને કુદરત, સહજ જીવનશૈલી અને સામાજિક જવાબદારીઓ સાથે જોડવામાં આવતો. અહીં ભાષા, વ્યાકરણ, વેદ, શાસ્ત્રો, ચિકિત્સા, ગણિત, શસ્ત્રકલા, સંગીત, ધ્યાન, યોગ, યજ્ઞવિધિ, કૃષિ વગેરે જેવા વિષયો ભણાવવામાં આવતા. જ્ઞાનને સર્વગ્રાહી અર્થમાં સમજવામાં આવતું. જ્યાં સાહિત્ય, વિજ્ઞાન,કલા અને આધ્યાત્મ એકરૂપે જોડાયેલા હતા. ગુરુ-શિષ્યના દૈનિક જીવનમાં શિસ્ત, ધ્યાન, શારીરિક મહેનત, સંગઠન, વિનય અને સ્વાવલંબનનું વિશેષ પ્રદર્શન જોવા મળતું. આવી શિક્ષણ પદ્ધતિનો હેતુ હતો. માનવમાં 'સમગ્રતા'નો વિકાસ કરવો.આ ગુરુકુળ પરંપરાને અનુસરીને ભારતના ઇતિહાસમાં બે મહાન વિશ્વવિદ્યાલયોની સ્થાપના થઈ, તક્ષશિલા અને નાલંદા. તક્ષશિલા વિશ્વની સૌથી પ્રાચીન યુનિવર્સિટીઓમાંની એક તરીકે માન્ય છે. અહીં ભારત આંતરરાષ્ટ્રીય જ્ઞાન કેન્દ્ર તરીકે ઊભરાયું. ચાણક્ય જેવા રાજનીતિશાસ્ત્રી, ચરક જેવા આયુર્વેદાચાર્ય અને પાણિની જેવા વ્યાકરણ વિદ્વાનોએ અહીં અભ્યાસ કર્યો હતો. તક્ષશિલામાં 64 કરતાં વધુ વિષયોમાં શિક્ષણ મળતું, જેમાં તર્ક, નીતિશાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર, ધનુર્વેદ, રાજયવ્યવહાર, ચિકિત્સા, ખગોળશાસ્ત્ર જેવી અનેક શાખાઓનો સમાવેશ હતો. અહીં ખાસ કરીને ચર્ચા, પ્રયોગ, ફિલ્ડ વર્ક અને સંશોધન આધારિત અભ્યાસ પર ભાર મૂકવામાં આવતો, જે તેને એક પ્રગતિશીલ શિક્ષણ કેન્દ્ર તરીકે ઓળખાવતો[1]

તે જ રીતે નાલંદા વિશ્વવિખ્યાત બૌદ્ધ શિક્ષણ અને સંશોધનનું કેન્દ્ર બન્યું. તે માત્ર ભારત જ નહીં, પરંતુ સમગ્ર એશિયાના જ્ઞાનપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર હતું. નાલંદામાં 10,000થી વધુ વિદ્યાર્થી અને 2,000 શિક્ષકોએ કાર્ય કર્યું હોવાનું હ્યુએનસાંગ અને ઇ-ત્સિંગના પ્રવાસ વર્ણનમાં મળે છે. નાલંદાની વિશાળ લાઈબ્રેરી ત્રણ માળની 'ધર્મગંજ' વિશ્વની પ્રાચીન અને સમૃદ્ધ લાઈબ્રેરીમાંના એક તરીકે જાણીતી છે. અહીં વેદાંત, તર્કશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, બૌદ્ધ ફિલસૂફી, ચિકિત્સા, ભાષા, ગણિત, જ્યોતિષ, સાહિત્ય વગેરે વિષયોનું અભ્યાસ-શોધ થતું. નાલંદાની વિશેષતા એની કઠિન પ્રવેશ પદ્ધતિ અને ઊંડો વાદવિવાદ આધારિત અભ્યાસ હતો.પરંતુ સમય પરિવર્તન સાથે શિક્ષણની જરૂરિયાતો અને અભિગમોમાં પરિવર્તન આવતું ગયું.

આધુનિક યુગમાં ઔદ્યોગિકક્રાંતિ, વૈજ્ઞાનિક શોધો, વૈશ્વિકીકરણ અને ટેક્નોલોજીના પ્રભાવને કારણે શિક્ષણનું સ્વરૂપ સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. આજે શિક્ષણ વ્યવસાયપ્રધાન, કુશળતા આધારિત, કારકિર્દી કેન્દ્રિત અને ટેક્નોલોજી આધારિત બની ગયું છે. ઑનલાઇન શિક્ષણ, ડિજિટલ લર્નિંગ, કૃત્રિમ બુદ્ધિ (AI),

બહુવિધ શૈક્ષણિક વિકલ્પો, વૈશ્વિક પ્રતિસ્પર્ધા વગેરેને કારણે વિદ્યાર્થીનું જીવન અભ્યાસ સાથે મજબૂત રીતે જોડાયુ છે.જો કે આધુનિક શિક્ષણની ગતિ ઝડપી છે, તેની વ્યાપકતા વધારે છે અને તે ઊર્જાસ્વરૂપ નવી તકનીકો પર આધારિત છે, છતાં પણ કેટલીક મૌલિક ખામી સ્પષ્ટ જોવા મળે છે.જેમાં મુખ્ય છે નૈતિક મૂલ્યોનો અભાવ, ચરિત્ર વિકાસનું ઓછું પ્રમાણ, જીવનકૌશલ્યનો અભાવ અને અભ્યાસનું પુસ્તકજ્ઞાન સુધી સીમિત થવું. આજના સમયમાં વિદ્યાર્થીઓ ભૌતિક સફળતાની દોડમાં માનવીય મૂલ્યો, સંસ્કાર અને સમાજ પ્રત્યેની ફરજોને ભૂલી બેઠા છે. આ પરિસ્થિતિમાં પ્રાચીન ભારતીય શિક્ષણની પ્રણાલી ફરીથી અગત્યની બની જાય છે, કારણ કે તે વ્યક્તિને માત્ર બુદ્ધિ નહીં પરંતુ ભાવ, વિચાર અને આદર્શોમાં સંવર્ધિત કરતી હતી.[૨]

આથી આજના સમયમાં પ્રાચીન અને આધુનિક શિક્ષણ વચ્ચે સેતુબંધન સર્જવાની જરૂરિયાત વધી રહી છે. પ્રાચીન શિક્ષણના મૂલ્યો,નૈતિકતા, આધ્યાત્મિકતા, જીવનકૌશલ્ય, શિસ્ત, વ્યક્તિત્વ વિકાસ અને આધુનિક શિક્ષણની વિશેષતાઓ વિજ્ઞાન, ટેક્નોલોજી, પ્રયોગ, સંશોધન, વૈશ્વિક દૃષ્ટિકોણ બંનેનું સંકલન વિદ્યાર્થીઓ માટે નવી દિશા બનાવી શકે છે. આ સંશોધનપત્રનો મુખ્ય ઉદ્દેશ એ બંને પ્રણાલીઓની રચના, પદ્ધતિ, મૂલ્યો અને ગુણદોષોનું વ્યાપક વિશ્લેષણ કરીને એક સંતુલિત શિક્ષણ મોડેલ તરફ દિશાનિર્દેશ કરવાનું છે, જે ભવિષ્યમાં વધુ અસરકારક સાબિત થઈ શકે.

ભારતના પ્રાચીન શિક્ષણ પરંપરાને સમજવા માટે અનેક સંશોધકો, ઇતિહાસકારો, તત્ત્વચિંતકો અને શિક્ષણવિદોએ વિવિધ દૃષ્ટિકોણોથી નોંધપાત્ર અભ્યાસ કર્યો છે. તેમની રચનાઓ અને સંશોધન નિષ્કર્ષો દર્શાવે છે કે ભારતીય શિક્ષણ પ્રણાલી માત્ર પ્રાચીન નથી, પરંતુ સમય કરતાં ઘણી આગળ વિચારો ધરાવતા એક સુવ્યવસ્થિત સંગઠનરૂપમાં વિકસેલી હતી. ખાસ કરીને ગુરુકુળ, તક્ષશિલા અને નાલંદાના સંદર્ભમાં ઉપલબ્ધ સાહિત્ય ભારતીય જ્ઞાનવિવેકની ઊંડાણસભર પરંપરા અંગે પ્રામાણિક માહિતી પ્રદાન કરે છે.

ડૉ. એ. એસ. અલ્ટેંકર પોતાની કૃતિ History of Indian Education માં દર્શાવે છે કે ગુરુકુળ પ્રણાલીનો મુખ્ય આધાર 'સમગ્ર શિક્ષણ' હતો. તેમના અનુસાર, ગુરુકુળમાં વિદ્યાર્થી શારીરિક, માનસિક, નૈતિક અને આધ્યાત્મિક ચારે દિશાઓમાં વિકસતો. શિક્ષણને જીવનની કળા માનીને તેનામાં યોગ, ધાર્મિક શિસ્ત, સ્વાનુશાસન અને સેવાભાવનો સમાવેશ કરાયો હતો. અલ્ટેંકરનું મત છે કે ગુરુકુળમાં જ્ઞાન માત્ર પાઠ્યપુસ્તકોમાં સીમિત ન હતું, પરંતુ તે રોજિંદા જીવન, પરંપરાઓ, કુદરતી અવલોકન અને ગુરુના માર્ગદર્શન દ્વારા વિદ્યાર્થીના ચરિત્રમાં આવકારાતું.

ડૉ.રાધાકુમુદ મુખર્જી તેમના ગ્રંથોમાં દર્શાવે છે કે ભારતીય શિક્ષણ પદ્ધતિ માનવની આંતરિક શક્તિઓને વિકસાવવાના હેતુથી રચાઈ હતી. તેમના મતે, પ્રાચીન શિક્ષણ વ્યક્તિને સ્વયંસંપૂર્ણ બનાવવા, નૈતિક મૂલ્યોને જીવનમાં સ્થાપિત કરવા અને સમાજ માટે જવાબદાર નાગરિક બનાવવામાં સહાયક હતું.

મહાકવિ કાલિદાસ તેમના સાહિત્યમાં પ્રાચીન ગુરુકુળજીવનના સંકેતો આપે છે. કુમાર સંભવ અને રઘુવંશ જેવા ગ્રંથોમાં યુવરાજોના ગુરુકુળ શિક્ષણના દૃશ્યો દર્શાવે છે કે ગુરુકુળ જીવનને સર્વાંગી તાલીમગૃહ તરીકે ગણાતું હતું. આ વર્ણનો પ્રાચીન શિક્ષણના પ્રયોગાત્મક, શિસ્તબદ્ધ અને જીવનનિર્ભર સ્વરૂપને ઉજાગર કરે છે.તક્ષશિલા વિષેનું મહત્વપૂર્ણ સાહિત્ય ડૉ. મેકડોનેલ અને ડૉ. કીટ્ટેલના અભ્યાસોમાં જોવા મળે છે. તેઓએ પોતાના સંશોધનમાં દર્શાવ્યું છે કે તક્ષશિલા માત્ર ભારતીય રાજ્યો માટે જ નહીં, પરંતુ ગ્રીસ,

મેસોપોટેમિયા, ચીન અને મધ્યએશિયાના વિદ્વાનો માટે પણ આકર્ષણનું કેન્દ્ર હતી. તેમના લેખન મુજબ, તક્ષશિલાને વિશ્વની પ્રથમ residential university માનવી જોઇએ, જ્યાં શિક્ષણ વિષયાલંભી, સંશોધનમુખી અને વાદ-વિવાદ પર આધારિત હતું. તક્ષશિલાના વિષયવિસ્તાર, શિક્ષણ પદ્ધતિઓ અને શિક્ષકોની વિશિષ્ટતા દર્શાવે છે કે તે સમયની જ્ઞાનપરંપરા અત્યંત પ્રગતિશીલ હતી.[3]

પાણિનીના અષ્ટાધ્યાયી વિષેના ગ્રંથોમાં અનેક લેખકોએ અભ્યાસ કર્યો છે, જેમાં દર્શાવવામાં આવ્યું છે કે પાણિની જેવા વ્યાકરણ વિદ્વાન તક્ષશિલાના શિક્ષણના પરિણામરૂપ હતા. ભારતીય વ્યાકરણ વિજ્ઞાનને વૈજ્ઞાનિક સ્વરૂપમાં તૈયાર કરવાનું શ્રેય પાણિનીને જાય છે, જે પોતે તક્ષશિલા પરંપરાની વૈશ્વિકતા દર્શાવે છે.નાલંદા વિષેના મૂળ અને સૌથી વિશ્વસનીય સ્ત્રોત હ્યુએનસાંગ અને ઇ-ત્સિંગનાં પ્રવાસવૃત્તાંતો છે. તેમના વર્ણનો અનુસાર, નાલંદા વિશ્વની સૌથી સુવ્યવસ્થિત, સંશોધનપ્રધાન અને આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીઓમાંની એક હતી. હ્યુએનસાંગે નોંધ્યું છે કે નાલંદાના પ્રવેશદ્વારે જ્ઞાનપરીક્ષણ થતું અને માત્ર ઊંચી બુદ્ધિશક્તિ ધરાવનારા જ પ્રવેશ પ્રાપ્ત કરી શકતા. નાલંદાના વર્ણનમાં શિક્ષકોની ઊંડાણસભર વિશ્લેષણશક્તિ, વાદ-વિવાદ પદ્ધતિઓ, લાઈબ્રેરીની વિશાળતા અને ત્યાં થતા સંશોધનોનું મૂલ્ય વિશેષ રૂપે દર્શાવવામાં આવ્યું છે.

ઇ-ત્સિંગ નાલંદાને “પૂર્વ એશિયાના જ્ઞાનનો કેન્દ્ર” તરીકે ઓળખાવે છે. તેમના પ્રમાણે, નાલંદાની લાઈબ્રેરીમાં હજારો ગ્રંથો ભંડારરૂપે ઉપલબ્ધ હતા. તેમના લખાણોમાં દર્શાવ્યું છે કે નાલંદાની શિક્ષણ પદ્ધતિ ‘શ્રવણ-ચિંતન-નિધિધાન’ પદ્ધતિ પર આધારિત હતી, જે ભારતીય જ્ઞાન પરંપરાની સર્વોત્તમ પદ્ધતિ માનવામાં આવે છે.

આધુનિક શિક્ષણના સંદર્ભમાં, પ્રોફેસર યશપાલ સમિતિ (1993) અને નેશનલ એજ્યુકેશન પોલિસી 2020 (NEP-2020) દ્વારા પ્રસ્તુત રિપોર્ટો ખૂબ જ મહત્વપૂર્ણ છે.[૪] યશપાલ સમિતિએ પરંપરાગત ભારતીય મૂલ્યો, જીવનકૌશલ્યો, વ્યવહારિક જ્ઞાન અને સર્વાંગી વિકાસને શિક્ષણમાં પુનઃસ્થાપિત કરવાની ભલામણ કરી છે. તેઓએ અભ્યાસને બોજરૂપ ન બનાવતા “શીખવાની આનંદમય પ્રક્રિયા” તરીકે રજૂ કરવાની જરૂરિયાત વ્યક્ત કરી છે.NEP-2020 દ્વારા પણ ભાર મૂકવામાં આવ્યો છે કે ભારતીય શિક્ષણ મૂળથી જ સર્વાંગી, મૂલ્ય આધારિત અને વ્યક્તિત્વ વિકાસ કેન્દ્રિત હતું. આ નીતિમાં પ્રાચીન ભારતીય શિક્ષણ પદ્ધતિઓ જેમ કે ગુરુ-શિષ્ય પરંપરા, સંશોધનમુખી અભ્યાસ, આંતરવિષયક શિક્ષણ અને પ્રયોગાત્મક જ્ઞાનને ફરીથી આધુનિક શિક્ષણ પ્રણાલીમાં યોગ્ય રીતે સામેલ કરવાની જરૂર દર્શાવાઈ છે.

આ તમામ સંશોધન અને સાહિત્યના સંકલન પરથી સ્પષ્ટ થાય છે કે પ્રાચીન શિક્ષણ પદ્ધતિઓમાં રહેલું મૂલ્યસમૃદ્ધ જ્ઞાન અને આધુનિક શિક્ષણમાં રહેલી વૈજ્ઞાનિકતા બન્નેનું સંયોજન ભવિષ્યમાં એક ઉત્તમ અને સંતુલિત શિક્ષણમોડેલ બની શકે છે, જે વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં અસરકારક સાબિત થાય છે.

***ગુરૂકુળ પ્રણાલી:**

ભારતીય શિક્ષણ પરંપરાનો મૂળભૂત આધાર ગુરૂકુળ પ્રણાલી છે. આ પ્રણાલી માત્ર જ્ઞાન પ્રદાન કરવાની રીત નહોતી, પરંતુ એક એવી જીવંત સંસ્કૃતિ હતી જે વ્યક્તિના ચરિત્ર, આધ્યાત્મિક ઉન્નતિ, વ્યવહારિક કુશળતા અને સામાજિક જવાબદારીને કેન્દ્રમાં રાખીને રચાયેલ હતી. પ્રાચીન ભારતની આ

અનોખી શિક્ષણ પદ્ધતિ જ્ઞાનસાધના સાથે જ જીવનસાધનાને વધુ મહત્વ આપતી હતી. 'विद्या ददाति विनयं' ના સિદ્ધાંતને ગુરુકુળ જીવન સર્વાંગી રીતે અભિવ્યક્ત કરતું હતું.[૫]

**1. ગુરુકુળ પ્રણાલીનું સામાજિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય:**

પ્રાચીન ભારતમાં શિક્ષણને આધ્યાત્મિક પ્રેરણાથી જોડવામાં આવ્યું હતું. તે માત્ર નોકરી અથવા વ્યવસાય મેળવવાનું સાધન નહોતું, પરંતુ 'ધર્મ', 'અર્થ', 'કામ' અને અંતે 'મોક્ષ' પ્રાપ્ત કરવા માટે જીવનને યોગ્ય દિશામાં લઈ જવાનું માધ્યમ હતું. તેથી ગુરુકુળ પ્રણાલી સમાજના દરેક સ્તર માટે વિકાસનું કેન્દ્રબિંદુ હતી. શિષ્યો ગુરુના આશ્રમમાં કુદરતની વચ્ચે, શાંતિપૂર્ણ, શુદ્ધ અને શિસ્તબદ્ધ પરિસરમાં રહેતા. આ પરિસ્થિતિ તેમના વિચાર, વલણ અને વર્તનને મહત્ત્વપૂર્ણ રીતે પ્રભાવિત કરતી.ગુરુકુળનું જીવન 'બ્રહ્મચર્યાશ્રમ'ના નિયમો મુજબ ચાલતું. બ્રહ્મચર્ય માત્ર જાતીય સંયમ નહોતો, પરંતુ મન, ઇન્દ્રિયો, આહાર અને વાણી પર નિયંત્રણથી આંતરિક શક્તિ અને એકાગ્રતા વધારવાનું સાધન હતું. આથી વિદ્યાર્થી જીવનના દરેક ક્ષેત્રમાં સંયમ, શાંતિ અને વિચારપૂર્વકના નિર્ણય લેવા સક્ષમ બનતો.

**2. ગુરુકુળની શિક્ષણ પદ્ધતિ અને શિક્ષણની પ્રક્રિયા:**

ગુરુકુળ પ્રણાલીનો માળખુ 'અનુભવ આધારિત શિક્ષણ' પર ઉભો હતો. અહીં 'પાઠ્યપુસ્તકો' જેટલી જ અગત્યની 'જીવનની પાઠશાળા' હતી. શિક્ષણ મૌખિક પરંપરાથી ચાલતું 'શ્રુતિ' અને 'સ્મૃતિ' પર આધારિત. विद्यार्थी પહેલા પાઠ સાંભળતો, પછી સતત પુનરાવર્તન દ્વારા તેને યાદ રાખતો અને અંતે તેનો અર્થ, આંતરિક તત્વ અને પ્રયોગ સમજતો.

***મુખ્ય પદ્ધતિઓ:**

- શ્રવણ (સાંભળવું)
- ચિંતન- મનન
- ચિંતનથી જ્ઞાનનું આંતરીકરણ
- જ્ઞાનનો વ્યવહારિક ઉપયોગ

આ પદ્ધતિઓના કારણે શિષ્ય માત્ર માહિતી જ નથી શીખતો, પરંતુ જ્ઞાનને જીવનમાં ઉતારતો.

**3. અભ્યાસક્રમની વિશેષતા:**

ગુરુકુળોમાં ભણાતા વિષયો અત્યંત વૈવિધ્યસભર હતા. આધ્યાત્મિક, વૈજ્ઞાનિક, કલા, યુદ્ધકલા અને વ્યવહારિક જ્ઞાન બધાજ પ્રકારનુંઆપવામાં આવતું. તેવી શિક્ષણ પધ્ધતિ હતી.[૬]

*અભ્યાસક્રમમાં સમાવિષ્ટ મુખ્ય વિષયો:

- વૈદિક સાહિત્ય: ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ
- તર્કશાસ્ત્ર અને દર્શન: ન્યાય, મીમાંસા, વેદાંત
- ભાષાશાસ્ત્ર: સંસ્કૃત વ્યાકરણ, પાણિની વ્યાકરણ
- ચિકિત્સા વિજ્ઞાન: આયુર્વેદ, ચરક સંહિતા, સુશ્રુત સંહિતા
- ગણિત અને ખગોળવિજ્ઞાન: જ્યોતિષ, બીજગણિત, ભૂમિતિ
- યોદ્ધા કળાઓ: ધનુર્વેદ, યુદ્ધની રણનીતિ
- કલા અને સંગીત: ગાન, વાદન, નૃત્ય
- કૃષિવિજ્ઞાન અને પ્રાકૃતિક સંવર્ધન

- વાણિજ્ય અને સમાજવિજ્ઞાન

આટલી વિશાળ શિક્ષણવ્યવસ્થા હોવા છતાં શિષ્ય પર ભાર મૂકાતો નહોતો. શિક્ષણની ગતિ તેની ક્ષમતા, રસ અને પ્રગતિ મુજબ નિયંત્રિત થતી, એટલે તેને 'વ્યક્તિગત ગતિ' કહી શકાય.

**4. ગુરુ-શિષ્ય સંબંધની પવિત્રતા:**

ગુરુ-શિષ્ય સંબંધી ભારતીય શિક્ષણ સંસ્કૃતિની આત્મા સમાન છે. ગુરુ માત્ર જ્ઞાન આપનાર નહોતો, પરંતુ શિષ્યના જીવનનો માર્ગદર્શક, સલાહકાર અને સુખ-દુઃખનો સાથીદાર હતો. શિષ્ય ગુરુની સેવા કરીને વિનમ્રતા, સહનશીલતા, પ્રસન્નતા અને સમાજસેવાના મૂલ્યો શીખતો. ગુરુ શિષ્યને માત્ર ક્લાસરૂમમાં નહીં, પરંતુ દરરોજના જીવનના દરેક પ્રસંગમાં શીખવતો. 'ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વરઃ' આ મંત્ર ગુરુની મહત્તાને સ્પષ્ટ કરે છે.

**5. ગુરુકુળની જીવનશૈલી અને શિસ્ત:**

ગુરુકુળમાં જીવન ખૂબ જ સરળ, નિયમિત અને સંયમયુક્ત હતું. શિષ્યો વહેલા ઉઠતા, યોગ અને ધ્યાન કરતા, ત્યારબાદ શિક્ષણ સત્રો શરૂ થતાં. તેઓ પોતે જ પોતાની જરૂરિયાતો પૂરી કરતાં—જેમ કે રસોઈ, આશ્રમની સફાઈ, ગૌસેવા, ખેતી અથવા લાકડું એકત્ર કરવું.

આ નિયમિત જીવનશૈલીના ફાયદા:

- માનસિક એકાગ્રતા વધે
- શરીર મજબૂત બને
- સ્વાનુશાસન વિકસે
- સન્માન અને સહકારની ભાવના વિકસે
- કુદરત સાથે ઘનિષ્ઠ સંબંધ બને

આજના સમયમાં જે 'Life Skills Education' કહેવાય છે, તેની મૂળભૂત રચના ગુરુકુળોમાં જ દેખાય છે.[૭]

**6. ગુરુકુળમાં મૂલ્ય આધારિત શિક્ષણ:**

ગુરુકુળ પ્રણાલીમાં શિક્ષણનો સૌથી મોટો આધાર મૂલ્યો હતા. શિષ્યોને નીચે મુજબના મૂલ્યો જીવનના ભાગરૂપે શીખવવામાં આવતા:

- સત્ય અને અહિંસા
- દયા અને કરુણા
- ધૈર્ય અને સહનશક્તિ
- નૈતિકતા અને પ્રામાણિકતા
- સહજીવન અને સેવા-ભાવ

આ મૂલ્ય શિક્ષણના કારણે વિદ્યાર્થીઓ જીવનમાં સારા નાગરિક, સંયમી વ્યક્તિ અને જવાબદાર સમાજ સેવક બની શકતા.

**7. ગુરુકુળની વિશેષતાઓ:**

(1) સમગ્ર શિક્ષણ

વિદ્યાર્થીના શરીર, મન, બુદ્ધિ અને આત્માનું સંતુલિત વિકાસ.

**(2) કુદરત આધારિત શિક્ષણ**

જંગલ, નદી, વનસ્પતિ બધું જ શિક્ષણનો ભાગ. કુદરતમાંથી શીખવાની રીતો શિષ્યોને સંવેદનશીલ બનાવતી.

**(3) સ્વાવલંબનનું શિક્ષણ**

વિદ્યાર્થી પોતાના કાર્ય પોતે કરે

**(4) માનવમૂલ્યોનું વિકાસ**

નૈતિકતા, વિનય, સદાચાર અને સમર્પણ જેવા મૂલ્યોનો વિકાસ.

**(5) વૈજ્ઞાનિક અને તર્કશક્તિની ઉન્નતિ**

પ્રશ્ન પૂછવાની સ્વતંત્રતા હોવાથી વિશ્લેષણ ક્ષમતા અને વિવેક શક્તિ વિકસે.

**8. ગુરુકુળ પ્રણાલીનો સમાજ પર પ્રભાવ**

પ્રાચીન ભારતની આ શિક્ષણ પદ્ધતિએ માત્ર વ્યક્તિને નહીં, પરંતુ સમગ્ર સમાજને ઘડ્યું. ગુરુઓ દ્વારા ઘડાયેલા શિષ્યો આગળ જઈને રાજકારણ, દાર્શનિકતા, વિજ્ઞાન, ચિકિત્સા, યુદ્ધકલા અને આધ્યાત્મમાં અદ્ભુત યોગદાન આપતા.રામ, કૃષ્ણ, અર્જુન, યુધિષ્ઠિર, ચાણક્ય, અશ્ટાવક્ર, યાજ્ઞવલ્ક્ય—all were products of Gurukul tradition.તેના કારણે પ્રાચીન ભારત જ્ઞાન, વિજ્ઞાન, અર્થવ્યવસ્થા, દાર્શનિકતા અને આધ્યાત્મમાં વિશ્વને નેતૃત્વ આપતું હતું.

***તક્ષશિલા વિદ્યાપીઠ:**

તક્ષશિલા વિદ્યાપીઠને વિશ્વની સૌથી પ્રાચીન અને સુવ્યવસ્થિત યુનિવર્સિટીઓમાં ગણી શકાય. ઐતિહાસિક પુરાવાઓ મુજબ તેની સ્થાપના ઇ.સ.પૂ.આશરે 600 આસપાસ થઈ હોવાનું માનવામાં આવે છે. તે સમયગાળામાં ભારત જ્ઞાન-સંસ્કૃતિનું કેન્દ્ર હતું અને તક્ષશિલા એની અનન્ય સાક્ષી છે. આ વિદ્યાપીઠ માત્ર શિક્ષણ કે આશ્રમ નહિ, પરંતુ વિવિધ દેશોના વિદ્વાનોનું ભેટસ્થાન, સંશોધનનું સર્જનાત્મક અને વૈશ્વિક જ્ઞાનના આદાન-પ્રદાનનું મહત્વપૂર્ણ સ્થાન હતું.[૮]

**1. તક્ષશિલાનું શૈક્ષણિક માળખું:**

તક્ષશિલામાં આશરે 64થી વધુ વિષયો ભણાવવામાં આવતા હતા, જે એક વિશાળ અને સર્વાંગી અભ્યાસક્રમ દર્શાવે છે. અહીંના વિષયોમાં આધ્યાત્મિક, વૈજ્ઞાનિક, કૌશલ્ય આધારિત અને પ્રયોગાત્મક—તમામ પ્રકારના જ્ઞાનનો સમાવેશ થતા. મુખ્ય વિષયો નીચે મુજબ હતા:

- આયુર્વેદ અને ચિકિત્સાશાસ્ત્ર
- ધનુર્વેદ અને યુદ્ધકલા
- અર્થશાસ્ત્ર અને રાજનીતિ
- ભાષાશાસ્ત્ર અને વ્યાકરણ
- ખગોળવિજ્ઞાન અને ગણિત
- વાસ્તુશાસ્ત્ર અને નિર્માણકલા
- કૃષિવિજ્ઞાન અને વસતિ વ્યવસ્થાપન
- તર્કશાસ્ત્ર, મીમાંસા અને બૌદ્ધ-જૈન ફિલસૂફી

આ અભ્યાસક્રમથી સ્પષ્ટ થાય છે કે તક્ષશિલામાં માત્ર સિદ્ધાંત નહિ પણ પ્રયોગશીલ અભ્યાસને પણ સમાન મહત્વ આપવામાં આવતું હતું.

**2. તક્ષશિલાના વિખ્યાત વિદ્વાન:**

તક્ષશિલાએ અનેક મહાન વિદ્વાનો, વૈજ્ઞાનિકો અને શિક્ષણવિદોને જન્મ આપ્યો. તેમામાં મુખ્ય નામો:

- ચાણક્ય (કૌટિલ્ય): અર્થશાસ્ત્રના પિતા અને મૌર્ય સામ્રાજ્યના સુથારશાહી નીતિનિર્માતા.
- ચરક: આયુર્વેદના મહાન આચાર્ય, જેમની ચરક સંહિતા આજે પણ આયુર્વેદનો આધાર છે.
- પાણિની: સંસ્કૃત વ્યાકરણના સર્જક- 'અષ્ઠાધ્યાયી' દ્વારા ભાષાશાસ્ત્રને અમર બનાવ્યું.
- જિવક: પ્રાચીન ભારતના સૌથી ખ્યાતનામ વૈદ્ય, જેની સર્જનાત્મક સિદ્ધિઓ આજે પણ પ્રેરણા છે.
- આતુર: વૈદિક સાહિત્ય અને નૈતિક શિક્ષણના પંડિત.

આ વિદ્વાનો તક્ષશિલાના શિક્ષણની ઊંચાઈ અને ગુણવત્તાને ઐતિહાસિક રીતે સાબિત કરે છે.

**3. તક્ષશિલાની શિક્ષણ પદ્ધતિ:**

તક્ષશિલામાં શિક્ષણ વ્યવહારિકતા અને સંશોધન પર આધારિત હતું. અહીં શિક્ષણની પદ્ધતિઓ અત્યંત આધુનિક અને પ્રાયોગિક હતી.

**મુખ્ય પદ્ધતિઓ:**

- વાદ-વિવાદ અને ચર્ચાસત્રો
- પ્રયોગ
- પ્રશ્નોત્તરી અને તર્કપરીક્ષણ
- ફિલ્ડ વર્ક અને અધ્યયન પ્રવાસ
- શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે સીધો સંવાદ

શિક્ષણનો દરેક તબક્કો એવી રીતે રચાયેલ હતો કે વિદ્યાર્થીઓમાં વિચારશક્તિ, વિશ્લેષણક્ષમતા અને સ્વતંત્રતા વિકસે.

**4. પ્રવેશ પ્રક્રિયા અને શૈક્ષણિક શિસ્ત:**

તક્ષશિલામાં પ્રવેશ પ્રક્રિયા સરળ નહોતી. વિદ્યાર્થીની બુદ્ધિમત્તા, ક્ષમતા અને શીખવાની ઇચ્છાને આધારે તેને પ્રવેશ આપવામાં આવતો. કોઈ નક્કી ઉંમર અથવા સમયસીમા નહોતી—વિદ્યાર્થી પોતાની જરૂરિયાત મુજબ વિષયો પસંદ કરતો.

**અભ્યાસક્રમનું મૂલ્યાંકન:**

- સતત પરીક્ષણ
- પ્રોજેક્ટ આધારિત અધ્યયન
- પ્રયોગાત્મક મૂલ્યાંકન
- મૌખિક વાદ-વિવાદ

વિદ્યાર્થીની શિસ્ત, વ્યવહાર, જ્ઞાન અને પ્રયોગશીલતા—તેણે આ ચારેય પાસાઓના આધારે મૂલ્યાંકન થતું.

**5. આંતરરાષ્ટ્રીય જ્ઞાન કેન્દ્ર તરીકે તક્ષશિલા:**

તક્ષશિલાનું મહત્ત્વ માત્ર ભારતમાં નહોતું; તે એક આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી તરીકે પ્રસિદ્ધ હતું. ગ્રીસ, ચીન, પર્શિયા, ઇરાન, મધ્યએશિયા, સિલોન, નેપાળ વગેરે પ્રદેશોમાંથી વિદ્યાર્થીઓ અને વિદ્વાનો અહીં અભ્યાસ કરવા આવતા. આથી તક્ષશિલામાં વૈશ્વિક સંવાદ, સંસ્કૃતિ વિનિમય અને જ્ઞાનવિસ્તારનું અનોખું વાતાવરણ સર્જાયું.

**6. તક્ષશિલાની વિશેષતાઓ:**

- સંશોધનમુખી અભ્યાસ
- આંતરરાષ્ટ્રીય શિક્ષણ સંસ્કૃતિ
- વિષયોના વિશાળ વિકલ્પો
- પ્રયોગાત્મક અને વ્યવહારિક શિક્ષણ
- ઉચ્ચ કક્ષાના શિક્ષકો અને વિદ્વાનો
- વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો વિકાસ

**7. તક્ષશિલાનો પ્રભાવ:**

તક્ષશિલાના શિક્ષણ સિદ્ધાંતો અને પદ્ધતિઓએ ભારત જ નહીં, વિશ્વના જ્ઞાનવિસ્તાર પર અસર પાડી. પાણિનીનો ભાષાશાસ્ત્ર, ચરકનું ચિકિત્સાશાસ્ત્ર અને ચાણક્યની નીતિ—આ ત્રણેય આધુનિક યુગમાં પણ અભ્યાસના મુખ્ય સ્તંભ ગણાય છે.

તક્ષશિલા માત્ર વિદ્યા કેન્દ્ર નહોતું; તે જ્ઞાન, સંસ્કૃતિ, નૈતિકતા અને સંશોધનનું પ્રાચીન વિશ્વનું સૌથી પ્રભાવશાળી કેન્દ્ર હતું.[૯]

**નાલંદા મહાવિહાર:**

નાલંદા મહાવિહાર એશિયાની સૌથી પ્રાચીન અને પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાંની એક છે. ગુપ્તકાળ દરમિયાન 5મી સદીમાં તેની સ્થાપના કરવામાં આવી. નાલંદા માત્ર બૌદ્ધ શિક્ષણનું કેન્દ્ર ન હતું, પરંતુ તે વૈશ્વિક સ્તરે સંશોધન, તર્કશાસ્ત્ર, વિજ્ઞાન અને સાહિત્યનો ઉત્તમ સમન્વય ધરાવતું વિશાળ જ્ઞાનમંદિર હતું.

**1. નાલંદાની સ્થાપના અને ઐતિહાસિક મહત્વ:**

નાલંદાની સ્થાપના રાજા કુમારગુપ્ત દ્વારા થઈ હોવાનું માનવામાં આવે છે. તે સમયના બૌદ્ધધર્મનો વિકાસ, શાસ્ત્રોની રચના અને વૈજ્ઞાનિક વિચારસરણીના ફેલાવામાં નાલંદાનો અમૂલ્ય યોગદાન છે. નાલંદાએ 800 વર્ષથી વધુ સમય સુધી સતત શિક્ષણ અને સંશોધનને આગળ વધાર્યું, જે કોઈપણ યુનિવર્સિટી માટે અપ્રતિમ સિદ્ધિ છે.

અહીં આશરે:

- 10,000થી વધુ વિદ્યાર્થીઓ
- 2,000 શિક્ષકો
- 3 વિશાળ લાઈબ્રેરી વિભાગઆ બધું નાલંદાને વિશ્વનું સૌથી સંગઠિત જ્ઞાન કેન્દ્ર બનાવતું.[૧૦]

**2. નાલંદાનું શૈક્ષણિક માળખું:**

નાલંદામાં શિક્ષણની વિશાળ વ્યાપકતા હતી. અહીં નીચે મુજબના વિષયો ભણાવવામાં આવતા:

- બૌદ્ધ ફિલસૂફી – હીનયાન, મહાયાન, મધ્યમિક, યોગાચાર

- વ્યાકરણ અને ભાષાશાસ્ત્ર
- ગણિત અને ખગોળવિજ્ઞાન
- ચિકિત્સા અને આયુર્વેદ
- તર્કશાસ્ત્ર અને વિવાદશાસ્ત્ર
- વેદાંત અને સાહિત્ય
- શિલ્પકલા અને ચિત્રકલા

વિષયોનું કદ જોતાં નાલંદાને 'વિશ્વનો પ્રથમ Residential Research University' કહી શકાય.

**3. પ્રવેશ પ્રક્રિયા અને દ્વારપંડિતની પરંપરા:**

નાલંદામાં પ્રવેશ ખૂબ જ કઠિન હતો. અહીં 'દ્વારપંડિત'ની પરંપરા હતી—દરવાજે બેઠેલા પંડિત શિક્ષણ ઇચ્છુક વિદ્યાર્થીઓને કઠિન પ્રશ્નો પૂછતા. યોગ્ય ઉત્તર આપનારને જ પ્રવેશ મળતો. આથી નાલંદામાં પ્રવેશ કર્યા પછીનો અભ્યાસ માત્ર તેજસ્વી અને સમર્પિત વિદ્યાર્થીઓ જ પૂર્ણ કરી શકતા.

**4. નાલંદાની શિક્ષણ પદ્ધતિ:**

નાલંદાનું શિક્ષણ સંપૂર્ણપણે સંશોધનમુખી હતું. દરેક વિષય ચર્ચા, પ્રશ્નોત્તરી, વાદ-વિવાદ અને તર્કના આધારે સમજાવવામાં આવતો. શિક્ષણ પદ્ધતિના મુખ્ય તત્વો:

- સમૂહચર્ચા અને સેમિનાર
- વાદ-વિવાદ
- ટેક્સ્ટનો ઊંડો અભ્યાસ
- પ્રયોગાત્મક અભ્યાસ
- શાસ્ત્રીય ગ્રંથોનું વિશ્લેષણ

આ પદ્ધતિઓ નાલંદાને આધુનિક યુનિવર્સિટીઓની સમકક્ષ બનાવતી.

**5. હ્યુએનસાંગ અને ઇ-ત્સિંગના વર્ણનો:**

ચીનના પ્રવાસી હ્યુએનસાંગ અને ઇ-ત્સિંગ નાલંદાના મુખ્ય ઇતિહાસકારો છે. તેમના નોંધોમાં નાલંદાની વિશાળ ગૌરવગાથા વર્ણવાય છે. હ્યુએનસાંગના મુજબ નાલંદાનું વાતાવરણ અત્યંત શાંતિપૂર્ણ, આધ્યાત્મિક અને શૈક્ષણિક હતું. તેમણે નાલંદાની લાઈબ્રેરી—ધર્મગંજ—નુ વર્ણન કર્યું છે, જેમાં:

- હજારો ગ્રંથો
- વિજ્ઞાન, ચિકિત્સા, ગણિત, દાર્શનિકત્વ અને સાહિત્યના અભૂતપૂર્વ ગ્રંથો જોડાયેલા હતા.

**6. નાલંદાનું સંશોધન કેન્દ્ર તરીકેનું મહત્વ:**

નાલંદા માત્ર અભ્યાસ નહિ, સંશોધનનું પણ મહાકેન્દ્ર હતું. વિદ્વાનો અહીં નવા સિદ્ધાંતો ઘડતા, ગ્રંથો લખતા, પ્રકાશનો કરતા અને નવો જ્ઞાન સર્જતા. ખાસ કરીને:

- બૌદ્ધ ફિલસૂફીના અનેક ગ્રંથોની રચના
- આયુર્વેદિક ઉપચાર પદ્ધતિઓનું પ્રયોગ
- ખગોળવિજ્ઞાનમાં ગણિતીય મોડલ
- ભાષાશાસ્ત્રનું વિકાસ

આથી નાલંદાને 'પ્રાચીન એશિયાની ઓક્સફર્ડ' તરીકે ઓળખવામાં આવું સ્વાભાવિક છે.

**7. નાલંદાની વૈશ્વિક પ્રતિષ્ઠા:**

ચીન, તિબેટ, મંગોલિયા, કોરિયા, શ્રીલંકા, જાપાન અને દક્ષિણ એશિયાના અનેક દેશોથી વિદ્વાનો અહીં અભ્યાસ કરવા આવતા. નાલંદાનું પ્રભાવ એશિયાની શૈક્ષણિક નીતિઓ, ધર્મપ્રસાર અને સાહિત્ય પર પણ જોવા મળે છે.

**8. નાલંદાનો પતન અને પુનઃસ્થાપન:**

1193માં બખ્તિયાર ખિલજીના આક્રમણમાં નાલંદા નષ્ટ થઈ ગયેલી. પરંતુ તેનું જ્ઞાન આખી દુનિયામાં વિખેરાઈ ગયું. 21મી સદીમાં નાલંદાના પુનરુદભવનું કાર્ય શરૂ થયું. "Nalanda University (2010)" તેની આધુનિક સાક્ષી છે.[૧૧]

**આધુનિકીકરણ અને પ્રાચીન શિક્ષણ પ્રણાલી વચ્ચેની તુલના:**

પ્રાચીન ભારતીય શિક્ષણ પ્રણાલી અને આધુનિકીકરણ પછી ઉદ્ભવેલી નવી શિક્ષણ પ્રણાલી વચ્ચે અનેક મહત્વપૂર્ણ તફાવતો છે, પરંતુ એમ કહેવું ખોટું નહીં થાય કે બંનેનું સંકલન એક સુદૃઢ અને સંતુલિત શિક્ષણ વ્યવસ્થા વિકસાવવા માટે અનિવાર્ય છે. પ્રાચીન ભારતનો ગુરુકુલથી નાલંદા સુધીનો શિક્ષણ પ્રવાસ પાસે એવી જરૂરિયાત મુજબની લચીલીતા, આધ્યાત્મિકતા, મનુષ્ય કેન્દ્રી અભિગમ અને ચરિત્ર નિર્માણ હતું, જ્યારે આધુનિક પ્રણાલી પાસે ટેક્નોલોજી, વૈજ્ઞાનિક પદ્ધતિઓ, સંશોધનની તક અને વૈશ્વિક સ્તરે જોડાવાની ક્ષમતા છે. આધુનિકીકરણ એ શિક્ષણને નવી દિશા તો આપી છે, પરંતુ પ્રાચીન ભારતીય પરંપરાની અનેક બાબતો આજે પણ શિક્ષણના મૂલ્ય આધારિત માળખામાં અત્યંત જરૂરી બની રહે છે.

**પ્રાચીન ભારતીય શિક્ષણ પ્રણાલીનો આધાર:**

પ્રાચીન શિક્ષણ પદ્ધતિનો મૂળ આધાર અંતર્મુખી વિકાસ, નૈતિકતા, શિસ્ત, ચિંતનશક્તિ, અને જીવનદક્ષતા પર હતો. ગુરૂકુલમાં માત્ર વિષયજ્ઞાન નહોતું ભણાવવામાં આવતું, પરંતુ વિદ્યાર્થીને એક જવાબદાર, નૈતિક, સહાનુભૂતિશીલ, કુદરતપ્રેમી માનવી બનાવવા પર ભાર મુકાતો હતો. તાલીમ જીવનમૂખી હતી.વિદ્યાર્થીને પોતે રસોઈ બનાવવી, લાકડું લાવવું, કુદરતની વચ્ચે કામ કરવું, ઋષિવાણી સાંભળવી, ધ્યાન-યોગ કરવો વગેરે જેવી પ્રક્રિયાઓ દ્વારા સર્વાંગી વિકાસ થતો.

નાલંદા અને તક્ષશિલા જેવી વિદ્યા સંસ્થાઓમાં શિક્ષણ વધુ સંસ્થાકીય, પ્રયોગશીલ અને ચર્ચા આધારિત હતું. અહીં તર્ક, વિશ્લેષણ, વાદ-વિવાદ, વૈજ્ઞાનિક અભિગમ અને વૈશ્વિક વિદ્વાનો સાથેનું સંવાદ મહત્વપૂર્ણ હતા. આ બંને પદ્ધતિઓનું સંયોજન આજના સમયમાં પણ શિક્ષણને મૂલ્યમય અને માનવકેન્દ્રિત બનાવી શકે છે.[૧૨]

**આધુનિક શિક્ષણ પ્રણાલીનો સ્વરૂપ:**

આધુનિકીકરણ સાથે શિક્ષણ ટેક્નોલોજી પર નિર્ભર બન્યું છે. ઈન્ટરનેટ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ઑનલાઇન કોર્સ, ડિજિટલ લાયબ્રેરી, વર્ચ્યુઅલ લેબ્સ, કુશળતા આધારિત શિક્ષણ, મલ્ટિડિસિપ્લિનરી અભ્યાસ વગેરેના કારણે શીખવાની પદ્ધતિ વધુ ઝડપી, સુવિધાજનક અને વૈશ્વિક બની છે. આ પ્રક્રિયાએ શિક્ષણને નવા વ્યવસાયો, કુશળતા વિકાસ, નેટવર્કિંગ, સંશોધન અને ડેટા આધારિત નિર્ણય તરફ આગળ ધપાવ્યું છે.

પરંતુ આ પ્રક્રિયામાં મૂલ્ય શિક્ષણ, નૈતિકતા, ચરિત્ર નિર્માણ, ભાવનાત્મક બુદ્ધિ, અને આંતરપ્રેરણા જેવી બાબતો ઓછા પડતી નજરે પડે છે. ટેક્નોલોજી સાથે વધી રહેલી સ્પર્ધા પણ વિદ્યાર્થીમાં તણાવ, આત્મવિશ્વાસની ઘટ અને ઉદાસીનતા જેવી સમસ્યાઓ સર્જે છે.

**બંને પ્રણાલીઓની તુલના:**

**પ્રાચીન પ્રણાલીના મજબૂત પાસાં:**

1. નૈતિક મૂલ્યો: શિક્ષણનો હેતુ માત્ર કમાણી નહીં, પરંતુ સદ્ગુણ અને સમાજને સેવા કરવાનું હતો.
2. ચરિત્ર નિર્માણ: ગુરુ-શિષ્ય સંબંધ વિશ્વાસ, સંસ્કાર અને શિસ્ત પર આધારિત હતો.
3. જીવન દક્ષતાઓ: પ્રાચીન શિક્ષણ જીવનમૂખી હતું-યોગ, ધ્યાન, વેદજ્ઞાન, ઔષધજ્ઞાન, યુદ્ધકલાઓ વગેરે ભણાવવામાં આવતાં.
4. કુદરત સાથેનો સંબંધ: શિક્ષણ કુદરતની વચ્ચે આપવામાં આવતું, જેના કારણે આંતરિક શાંતિ અને માનસિક સંતુલન ટકી રહેતું.
5. સમગ્રતાવાદી અભિગમ: શરીર-મન-બુદ્ધિ-આત્મા બધાનો વિકાસ એકસાથે કરવાની પરંપરા.

**આધુનિક પ્રણાલીના મજબૂત પાસાં:**

1. ટેક્નોલોજી આધારિત લર્નિંગ: માહિતીનો ઝડપી પ્રવાહ, ડિજિટલ શિક્ષણ અને વૈશ્વિક જ્ઞાનની પહોચ.
2. કુશળતા અને કારકિર્દી કેન્દ્રિતતા: વ્યવસાયિક તકો સાથે જોડાયેલો અભ્યાસ.
3. સંશોધન અને ઇનોવેશન: વૈજ્ઞાનિક વિકાસ, લેબ્સ, પ્રોજેક્ટ આધારિત અભ્યાસ.
4. વિશ્વ સાથેનું જોડાણ: આંતરરાષ્ટ્રીય કોલેબોરેશન, એક્સચેન્જ પ્રોગ્રામ.
5. મલ્ટીરોગી અને આંતરવિષયક અભ્યાસ: નવી વિચારો માટે ખુલ્લાપણું અને સર્જનાત્મકતા.

**બંને પ્રણાલીઓનું સંકલન: સમયની જરૂરિયાત:**

- એક મજબૂત અને માનવકેન્દ્રિત શિક્ષણ પ્રણાલી બનાવવા માટે પ્રાચીન મૂલ્યો અને આધુનિક ટેક્નોલોજીનું સંકલન અતિ આવશ્યક છે.
- ટેક્નોલોજી શીખવાની ઝડપ અને વ્યાપ વધારી શકે છે.
- જ્યારે પ્રાચીન મૂલ્યો શિક્ષણને માનવતા, નૈતિકતા અને વિચારશીલતા આપે છે. માટે, સમાનુપાતી શિક્ષણ મોડલ જરૂરી છે જે ટેક્નિકલ અને નૈતિક બંને પર આધારિત હોય.

આ રીતે પ્રાચીન અને આધુનિક શિક્ષણ પ્રણાલીનું સંકલન ભારતીય શિક્ષણને વૈશ્વિક સ્તરે વધુ મજબૂત બનાવી શકે છે.[૧૩]

**ઉપસંહાર:**

પ્રાચીન ભારતીય શિક્ષણ પ્રણાલી, જે ગુરૂકુળથી લઈને નાલંદા અને તક્ષશિલા જેવી વિશ્વવખ્યાત સંસ્થાઓ સુધી વિકસતી રહી, તેના મૂળમાં માનવ વિકાસ, નૈતિકતા, જીવનકૌશલ્ય, ચરિત્ર નિર્માણ, અને આત્મજ્ઞાન જેવા મૂળભૂત મૂલ્યો હતા. આ શિક્ષણ પદ્ધતિ માત્ર વિષયજ્ઞાન પૂરતું નહોતું, પરંતુ સમાજની રચના અને સંસ્કૃતિના સંવર્ધનની મુખ્ય શક્તિ હતી. પ્રાચીન વિદ્યા પીઠોએ વિશ્વને નવી દિશામાં દોરી જવા માટે વિદ્વાનો, વૈજ્ઞાનિકો, ચિકિત્સકો અને દાર્શનિકો તૈયાર કર્યા. તક્ષશિલાનું વૈજ્ઞાનિક અભ્યાસ, નાલંદાનું

સંશોધનમુખી શિક્ષણ અને ગુરુકુળનું નૈતિકતા આધારિત શિક્ષણ—આ બધું મળીને ભારતીય જ્ઞાને વિશ્વની આગેવાનીનું સ્થાન મેળવ્યું હતું.

આધુનિકીકરણ બાદ શિક્ષણમાં ટેક્નિકલ અને વ્યવસાયિક પાસાંઓનું મહત્વ વધી ગયું છે. ડિજિટલ લર્નિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, વૈશ્વિક માહિતીની સરળ ઉપલબ્ધિ અને કુશળતા આધારિત અભ્યાસ આજના યુગને પ્રગતિશીલ બનાવે છે. પરંતુ આ સાથે જ માનવીય મૂલ્યો, ભાવનાત્મક બુદ્ધિ અને જીવનની સાર્થકતાનો પ્રશ્ન પણ વધી રહ્યો છે. માત્ર ટેક્નિકલ જ્ઞાન પૂરતું નથી—માનવીય વિકાસ માટે સંસ્કાર, નૈતિકતા અને તર્કશક્તિનું મહત્વ એટલું જ છે.

આ પરિસ્થિતિમાં પ્રાચીન અને આધુનિક શિક્ષણ પ્રણાલીઓનું સંકલન સર્વોચ્ચ માર્ગ છે. પ્રાચીન પદ્ધતિનું નૈતિક શક્તિભરેલું મૂલ્ય આધાર અને આધુનિક પદ્ધતિની વૈજ્ઞાનિક–ટેક્નોલોજીકલ ક્ષમતા આ બંનેનું મિલન એક સંતુલિત, માનવકેન્દ્રિત, પ્રગતિશીલ અને વૈશ્વિક શિક્ષણ માળખું આપી શકે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય જ્ઞાનની માન્યતા હંમેશા ઊંચી રહી છે, અને જો શિક્ષણને ફરી ગૌરવમય બનાવવા હોય તો પ્રાચીન સિદ્ધાંતોનો આધુનિક ભાષામાં અનુવાદ અનિવાર્ય છે.

આમ,નૈતિકતા અને જીવનદક્ષતાનો સંવાદ જાળવીને ટેક્નોલોજીની સહાયથી શિક્ષણને વધુ ઊંડાણભર્યું, સર્વસમાવેશક અને સંશોધનમુખી બનાવવા જરૂરી છે. આ માર્ગે ચાલવાથી ભારતીય શિક્ષણ પદ્ધતિ ફરીથી વિશ્વને દિશા બતાવવાની ક્ષમતા ધરાવશે. એક સર્વાંગી, સંતુલિત શિક્ષણ પદ્ધતિ જ સમાજને સુખી, પ્રગતિશીલ અને માનવતાદર્શી બનાવી શકે છે.

**સંદર્ભ ગ્રંથો**:

1. રાધાકૃષ્ણન, એસ.,"ભારતીય તત્ત્વજ્ઞાન (ભાગ–૧ અને ૨)"(ગુજરાતી અનુવાદ), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,અમદાવાદ
2. જાની શાંતિલાલ, "ભારતના નારી રત્નો" રાજકોટ, ૨૦૦૫
3. પંડિત સુખલાલજી, "ભારતીય સંસ્કૃતિનો ઇતિહાસ", અમદાવાદ : ગુજરાત વિદ્યાપીઠ
4. આચાર્ય ચતુરસેન, "પ્રાચીન ભારતીય શિક્ષણ પ્રણાલી"(ગુજરાતી અનુવાદ), સાહિત્ય અકાદમી,
5. દોશી ડો.ટીના, પ્રાચીન ભારતમા કન્યાશિક્ષણ",અમદાવાદ, ૨૦૨૩
6. શર્મા, આર.એસ., "પ્રાચીન ભારતનો ઇતિહાસ" (ગુજરાતી આવૃત્તિ), ઓરિએન્ટ બ્લેકસ્વાન
7. કોશાંબી, ડી.ડી.."ભારતીય ઇતિહાસનો પરિચય"(ગુજરાતી અનુવાદ),રાજકમલ પ્રકાશન
8. કપિલ કપૂર, "ભારતીય જ્ઞાન પરંપરા" (ગુજરાતી અનુવાદ), નેશનલ બુક ટ્રસ્ટ
9. દેસાઈ, યોગેશ, "ભારતીય શિક્ષણ પરંપરા : ગુરુકુલથી આધુનિક યુગ સુધી, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
10. ભટ્ટ, હરિપ્રસાદ, "નાલંદા અને તક્ષશિલા : વિશ્વવિદ્યાલયોની પરંપરા",અમદાવાદ : ગુજરાત સાહિત્ય અકાદમી
11. ભારત સરકાર,"નવી શિક્ષણ નીતિ – 2020",(ગુજરાતી આવૃત્તિ), શિક્ષણ મંત્રાલય
12. UNESCO, "માતૃભાષા અને શિક્ષણ"(ગુજરાતી અનુવાદ), યુનેસ્કો પ્રકાશન
13. Ahir, D. C. (1999). A Panorama of Indian Buddhism. Sri Satguru Publications.